| PUBLICATION NAME : | Sandesh |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 06/09/2023 |
| PAGE : | 9 |

### રાજ્યપાલ અને મુખ્યમંત્રીના હસ્તે શિક્ષક-વિદ્યાર્થીઓને પુરસ્કાર એનાયત

# ૩૪ શ્રેષ્ઠ શિક્ષક અને ૧૧ તેજસ્વી વિદ્યાર્થીઓનું રાજ્યકક્ષાએ બહુમાન

### સ્કોલરશિપ પરીક્ષા અને કોમન એન્ટ્રન્સ ટેસ્ટના ટોપર્સ વિદ્યાર્થીઓને એવોર્ડ

| અમદાવાદ |

પમી સપ્ટેમ્બર શિક્ષકદિન નિમિત્તે ગુજરાતની તમામ શાળાઓમાંથી શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી પામેલા ૩૪ શિક્ષકોનું ગાંધીનગર સ્થિત વિદ્યાસમીક્ષા કેન્દ્ર ખાતે રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે 'શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પુરષ્કાર'થી સન્માન કરવામાં આવ્યું હતુ. શ્રેષ્ઠ શિક્ષકોની સાથે સાથે આ વખતે પ્રથમવાર રાજ્યનાં ૧૧ તેજસ્વી વિદ્યાર્થીઓને પણ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

### આ પાંચ શિક્ષક-અધ્યાપકોને રાષ્ટ્રીય પુરષ્કાર એનાયત થયો

- ઝંખના મહેતા, લેક્ચરલ ગર્વમેન્ટ પોલિટેકનિક-અમદાવાદ
- પ્રો.ઈન્દ્રનાથ સેનગુપ્તા, IIT-ગાંધીનગર
- ડૉ.સત્યા રંજન આચાર્ય, EDII-ગાંધીનગર
- દિપક જેઠાલાલ મોતા, હુંદરાઈ બાગ પ્રાથમિક શાળા-કચ્છ
- રીટા ફુલવાલા, પ્રાણલાલા હરીલાલ બચકાનીવાલા વિદ્યાલય-સુરત

બીજી તરફ રાજ્યના તમામ જિલ્લામથકો પર જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકોને પણ એવોર્ડ આપી સન્માનિત કરવાના કાર્યક્રમો યોજાયાં હતા. રાજ્યમાં વિવિધ કેટેગરીમાં કુલ બાવન શ્રેષ્ઠ શિક્ષક પસંદ કરવાનો ક્વોટા છે જેની સામે આ વખતે ૩૪ શ્રેષ્ઠ શિક્ષક પસંદ થયા હતા. પસંદગીની પ્રક્રિયા મે-જુન માસમાં શરૂ થતી હોય છે. જેમાં પ્રથમ જિલ્લાકક્ષાએ શિક્ષકો અરજી કરતાં હોય છે. જિલ્લાની કમિટી દ્વારા બે નામ રાજ્યકક્ષાએ મોકલવામાં આવે છે.